**રાજકોટના મહે. દસમાં એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, રાજકોટ.**

## ફોજદારીકેસનં.૪૭૭૨/૨૦૧૩

## -: આંક-૦૧ હેઠળ હુકમ :-

ફરીયાદી ની ફરીયાદ વંચાણે લીધી. આરોપી સામે ફરીયાદ દાખલ થતા પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. પરંતુ, રેકર્ડ જોવામાં આવે તો કોર્ટ ના પ્રોસેસ આરોપીના સરનામા ના કારણે બજી આવેલ નથી. સદર કામ આરોપી ના સરનામા ઉપર ચાલતુ આવે છે.

આ કામે ફરીયાદી ને પુરતી અનેવ્યાજબી તક આપેલ છે. ફરીયાદી દ્વારા અત્રેની કોર્ટમાં આરોપી નું સરનામું રજુ કરવામાં આવેલ નથી. ફરીયાદી ના વિ. વ. શ્રી. પાસે આરોપી નું સરનામુ નથી. આમ ફરીયાદી ને પુરતી અને વ્યાજબી તક આપેલ હોવા છતા તથા હાલ નું કામ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવશે. તેની સુચના આપવા છતા ફરીયાદ પક્ષ તરફથી આરોપી નું કોઈ સરનામુ રજુ કરવામાં આવેલ નથી. આમ નામદાર ગુજરાત હાઈકોર્ટ ના ચુકાદા ક્રિમીનલ અપિલ નંબર ૨૪૦૫/૨૦૦૯ ભવાની ટેક્ષટાઈલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત વંચાણે લેતા જો ફરીયાદી પોતાની ફરીયાદ માં યોગ્ય પ્રક્રિયા અનુસરી ને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, એવા કિસ્સા માં અદાલતે ફરીયાદી ની ફરીયાદ ને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સંબંધે નો ફરમાવેલો હુકમ ન્યાયોચિત હોવાનું જણાવેલ છે.

આમ આ કામે આરોપી હાજર થયેલ નથી કે તેમની પ્લી થયેલ નથી. જેથી કોર્ટ દ્વારા પણ કેસ આગળ ચલાવી શકાય તેમ નથી. આમ ફરીયાદી તરફે યોગ્ય અને વ્યાજબી તક આપ્યા છતા સરનામુ રજુ કરેલ ન હોવાથી. હાલ ની કાર્યવાહી આગળ ચલાવી શકાય તેમ નથી. જેથી નીચે મુજબ નો આખરી હુકમ કરવો ન્યાયોચિત જણાય આવે છે.

:: આખરી હુકમ ::

ફરીયાદી ની ફરીયાદ ફરીયાદી ના કસુર ને કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં હુકમ જાહેર કર્યો.

રાજકોટ
તા.૦૮-૦૨-૨૦૨૦

**(ઘનશ્યામ દીલીપભાઈ પડીયા)**
**દસમાં એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,**
**રાજકોટ.**
**( UIC-GJ01072 )**